# ભાજપાના ભ્રામક થ્રી-ડી પ્રચારને જોવા
# બાયડની જનતાએ આપેલો મોળો પ્રતિસાદ




બાયડ, તા. ૪


ગુજરાત રાજય માં આજે મુખ્યમંત્રી મોદી એ અમેરીકા જેવી અદ્યતન થ્રી-ડી ટેકનોલોજી નો ઉપયોગ કરી ઓછા સમય માં એક સાથે બાવન જેટલી જગ્યાઓ એ થ્રી-ડી સભાઓ યોજી હતી.

ગુજરાત વિધાનસભાની ચુંટણી ના પડઘમ વાગી ગયા છે ગુજરાત વિધાનસભાની બીજા તબકકાની ચુંટણી માં ઉમેદવારી નોધાવાની છેલ્લી તારીખે ૧૭ ફોર્મ ભરાયા હતા જયારે તેમાંથી ત્રણ ફોર્મ ચકાસણી દરમ્યાન રદ થયા હતા ત્યારે ફોર્મ પરત ખેચવાની છેલ્લી તારીખે બાયડ ૩૨ વિધાનસભા માં કુલ ૬ ઉમેદવારી ફોર્મ રહયા હતા જેમાં આ વખત બાયડ માં કોગ્રેસ,ભાજપા,જી.પી.પી.,અને અપક્ષ ઉમેદવાર વચ્ચે હરીફાઈ છે ત્યારે આજે બાયડ શહેરે માં ભાજપા પક્ષ દ્વારા હાઈટેક પ્રચાર દરમ્યાન આજે બાયડ માં પણ મુખ્યમંત્રી મોદી ની થ્રી-ડી સભા યોજવામાં આવી હતી જેમાં લોકો નો મોળો પ્રતીસાદ મળ્યો હતો જયારે મોદી નુ ભાક્ષણ સાંભળવા કરતાં થ્રી-ડી ટેકનોલોજી નામનુ નવુ ગતકડુ કેવુ છે તે જોવા લોકો ઉપસ્થીત રહયા હતા જયારે આ થ્રીઅડી સભા ચાલુ થતાં આવા ભ્રામક પ્રચાર થી નિરાશ થઈને લોકો એ ચાલુ સભા દરમ્યાન ચાલતી પકડી હતી જયારે આ સભા માં બાયડ ભાજપા ના ઉમેદવાર ઉદેસીહ ઝાલા બાયડ તાલુકા ભાજપ પ્રમુખ ભુપતસિહ સોલંકી સુધીરભાઈ પટેલ બાયડ શહેર પ્રમુખ અરવીંદભાઈ પ્રજાપતી બાયડ નગરપાલીકા ના પ્રમુખ જગદીશભાઈ પટેલ મહામંત્રી અતુલભાઈ પટેલ ડૉ શકુન્તલાબેન મહેશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થીત રહયા હતા.

## ડીસા મત વિસ્તારમાં અપક્ષ ઉમેદવાર મંગળજી રાજકીય પક્ષોને હંફાવશે

ડિસા, તા. ૪

ડીસા મત વિસ્તારમાં ભાજપ-કોંગ્રેસ સહિત પક્ષોને હંફાવી શકે તેવી અગ્રણી નેતા મંગળજી મદરૂપજી માળીએ અપક્ષ તરીકે ઝંપલાવતા તેમને સ્વયંભુ આવકાર સાંપડી રહ્યો છે. મુખ્ય રાજકીય પક્ષોની જીત માટે મહત્વનું સ્થાન ધરાવતો માળી સમાજ આ વખતે મંગળજી માળીના સમર્થનમાં હોવાથી તેમની જીત નિશ્ચય ગણાય છે.



અપક્ષ તરીકે કીટલીના નિશાન પર ચૂંટણી લડતા મંગળજી માળીએ જણાવ્યું હતું કે ડીસા મત વિસ્તારનો યોગ્ય દિશામાં વિકાસ થાય તે માટે હુ સતત પ્રયત્નશીલ રહીશ. લોકપ્રતિનિધિઓ ચુંટાયા પછી લોકોને મોઢુ બતાવતા નથી ત્યારે અમે કાયમ પ્રજાની વચ્ચે રહી લોક પ્રશ્નોના ઉકેલ અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશુ. ડીસા વિસ્તારમાં હવે સત્તા પરિવર્તનની જરૂરીયાત હોવાથી તમામ વર્ગમાં તેમને આવકાર સાંપડવા લાગ્યો છે. કોઈપણ જાતના કાવાદાવા અને વિવાદોથી પર એવા મંગળજી માળી તરફી વહી રહેલાં જુવાળને જોતા તેઓ ભાજપ-કોંગ્રેસ અને જીપીપીના ઉમેદવારને ભારે પડી શકે તેમ છે.

## સાબરકાંઠા જિલ્લાના હરીફ ઉમેદવારોની યાદી

| ક્રમ | ઉમેદવારનું નામ | પક્ષ |
|---|---|---|
| | **૨૭-હિંમતનગર વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | કોંગ્રેસ |
| ૨ | જાડેજા રણમલસિંહ નાથુસિંહ | બ.સ.પ. |
| ૩ | પટેલ પ્રફૂલભાઈ ખોડાભાઈ | ભા.જ.પ. |
| ૪ | ચમાર પશાભાઈ જીવાભાઈ | લોકજનશકિત પાર્ટી |
| ૫ | ચૌહાણ ભીમસિંહ લક્ષ્મણસિંહ | જી.પી.પી. |
| ૬ | બલોચ ઈમરાનખાન હેરૂખાન | સમાજવાદી પાર્ટી |
| ૭ | કાજી ફારૂખમીયા મહેબૂબમીયા | અપક્ષ |
| ૮ | કાદરી મખદૂમ અલી ઉસ્માનમીયા | અપક્ષ |
| ૯ | ચેવા સુરેશભાઈ નાગરભાઈ | અપક્ષ |
| ૧૦ | ધાગા મોબીનભાઈ અકબરભાઈ | અપક્ષ |
| ૧૧ | પરમાર રમણભાઈ પુંજાભાઈ | અપક્ષ |
| ૧૨ | પરમાર સરદારસિંહ ભવાનસિંહ | અપક્ષ |
| ૧૩ | રાઠોડ રામસિંહ પરબતસિંહ | અપક્ષ |
| ૧૪ | વણકર હસમુખભાઈ પુંજાભાઈ | અપક્ષ |
| ૧૫ | વાઘેલા ઉદેસિંહ બાદરજી | અપક્ષ |
| ૧૬ | શેખ અસ્મલભાઈ સબદરહુસેન | અપક્ષ |
| ૧૭ | સિપાઈ ઈમરાન મોહમંદભાઈ | અપક્ષ |
| ૧૮ | સંઘાણી મુસ્તાકભાઈ જમાલભાઈ | અપક્ષ |
| | **૨૮-ઈડર વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | વોરા રમણલાલ ઈશ્વરભાઈ | ભા.જ.પ. |
| ૨ | સોલંકી રામભાઈ વિરચંદભાઈ | કોંગ્રેસ |
| ૩ | ભાંભી ચંદુભાઈ મૂળચંદભાઈ | બ.સ.પ. |
| ૪ | ચૌહાણ કનુભાઈ રાયજીભાઈ | જ. દલ (યુનાઈટેડ) |
| ૫ | અમીન ધીરૂભાઈ પુંજાભાઈ | જીપીપી |
| ૬ | વણકર પનાભાઈ કોદરભાઈ | અપક્ષ |
| ૭ | સોલંકી નટવરભાઈ ગોવાભાઈ | અપક્ષ |
| | **૨૯-ખેડબ્રહ્મા વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | મકવાણા ભોજાભાઈ હુંજાભાઈ | ભા.જ.પ. |
| ૨ | કોટવાલ અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ | કોંગ્રેસ |
| ૩ | પારધી રેશ્માભાઈ નેતાભાઈ | બ.સ.પ. |
| ૪ | ડાભી દેવાભાઈ હિરાભાઈ | કો.પાર્ટીઓફ ઈન્ડીયા |
| ૫ | સોલંકી છગનભાઈ કેવળાભાઈ | જીપીપી |
| ૬ | પરમાર કાન્તિલાલ ધર્મીજી | (માર્કસવાદી) |
| ૭ | ડામોર સાયબાભાઈ હોમાભાઈ | ભા. ને. જનતા દળ |
| ૮ | સોથા સવજીભાઈ બદાજી | ઈ. જસ્ટીસ પાર્ટી |
| ૯ | ડામોર કેલરેન્સકુમાર અજીતકુમાર | સમાજવાદી પાર્ટી |
| ૧૦ | ધ્રાંગી રૂમાલભાઈ અરજણભાઈ | અપક્ષ |
| | **૩૦-ભિલોડા વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | જોષીયારા અનિલભાઈ જાલજીભાઈ | કોંગ્રેસ |
| ૨ | ખરાડી જીવાભાઈ માનાભાઈ | બ.સ.પ. |
| ૩ | મડીયા નીલાબેન હસમુખભાઈ | ભાજપ |
| ૪ | ગામેતી જયેશકુમાર હિરાલાલ | જી.પી.પી. |
| ૫ | ખરાડી બીપીનભાઈ નાનજીભાઈ | જ.દલ (યુનાઈટેડ) |
| ૬ | નિનામા દિલીપકુમાર ખીમજીભાઈ | અપક્ષ |
| ૭ | નરવે બાલુસીંગ સોમનસીંગ | અપક્ષ |
| | **૩૧-મોડાસા વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | પંચાલ ભીખાભાઈ તુળજાભાઈ | બ.સ.પ. |
| ૨ | ઠાકોર રાજેન્દ્રસિંહ શિવસિંહ | કોંગ્રેસ |
| ૩ | પરમાર દિલીપસિંહજી વખતસિંહજી | ભા.જ.પ. |
| ૪ | પટેલ અનંતભાઈ શંકરભાઈ | જી.પી.પી. |
| ૫ | પગી કેશાજી કાળાજી | કો. પાર્ટી ઓફ ઈન્ડિયા |
| ૬ | પટેલ સુરેશકુમાર જયંતિલાલ | અપક્ષ |
| | **૩૨-બાયડ વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | વાઘેલા મહેન્દ્રસિંહ શંકરસિંહ | કોંગ્રેસ |
| ૨ | પંડયા મહેશકુમાર હીરાભાઈ | સમાજવાદી પાર્ટી |
| ૩ | ઝાલા ઉદેસિંહ પુંજાજી | ભાજપ |
| ૪ | પટેલ ચુનીભાઈબબાભાઈ | અપક્ષ |
| ૫ | સોલંકી કુબેરસિંહ છગનસિંહ | અપક્ષ |
| ૬ | સોલંકી રામસિંહ રૂપસિંહ | અપક્ષ |
| | **૩૩-પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તાર** | |
| ૧ | રાઠોડ રાજેન્દ્રસિંહ પુંજસિંહ | બ.સ.પ. |
| ૨ | બારૈયા મહેન્દ્રસિંહ કચરસિંહ (એડવોકેટ) | કોંગ્રેસ |
| ૩ | ચૌહાણ જયસિંહજી માનસિંહજી | ભા.જ.પ. |
| ૪ | પટેલ નીખીલકુમા મીઠાભાઈ | જી.પી.પી. |
| ૫ | ચૌહાણ અંજનાબેન રણજીતસિંહ | સમાજવાદી પાર્ટી |
| ૬ | જોષી પરેશકુમાર પ્રવિણચંદ | ભારતીય જનતા દળ |
| ૭ | ઝાલા નરેન્દ્રસિંહ જીવંતસિંહ | ભા. ને. જનતા દળ |
| ૮ | ઝાલા હિંમતસિંહ તેજસિંહ | લોક. રાષ્ટ્રવાદી પાર્ટી |
| ૯ | પટેલ અરવિંદભાઈ અંબાલાલ | અપક્ષ |
| ૧૦ | પાનવાલા મહંમદશફીક અબ્દુલકાદર | અપક્ષ |

## મહેસાણા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પર કુલ ૬૩ ઉમેદવારો મેદાનમાં

મહેસાણા, તા. ૪

આગામી તા.૧૭મી ડિસે. ના રોજ યોજાનાર બીજા તબક્કાની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં મહેસાણા જિલ્લાની કુલ સાત બેઠકો પર ૬૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યાં છે. જિલ્લાની સાત સીટો પર કુલ ૧૦૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં ચકાસણી દરમિયાન ૨૩ ઉમેદવારી પત્રકો રદ થતાં ૮૪ ઉમેદવારોનાં ફોર્મ માન્ય રહ્યા હતા. બાદ ઉમેદવારી પાછી ખેંચાતાના અંતિમ દિવસે ૨૧ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતાં કુલ ૬૩ ઉમેદવારોએ મેદાનમાં રહ્યાં છે.

મહેસાણા જિલ્લાની કુલ સાત બેઠકોમાં મહેસાણા સીટ પર ચૌદ, ઊંઝા પર આઠ, ખેરાલુ સીટ પર છ, વિસનગર સીટ પર દશ, બેચરાજી સીટ પર આઠ, કડી (અ.જા.) સીટ પર સાત, વિજાપુર સીટ પર નવ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યાં છે. જિલ્લાની મહેસાણા, ઊંઝા અને વિસનગર બેઠક પરથી ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. જેમાં હવે ચાર બેઠકો પર જી.પી.પી. ઉમેદવારો ઊભા રહ્યાં છે. જિલ્લાની સાત બેઠકો પર ભાજપ, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, લોકજન શક્તિ, તેમજ અન્ય રાજકીય પાર્ટીઓના ઉમેદવારો અને અપક્ષો ચૂંટણી જંગમાં છે. ત્યારે મુખ્યત્વે જિલ્લાની ચાર બેઠકો પર ભાજપ, કોંગ્રેસ, વચ્ચે સીધી ટક્કર થશે તેમ જણાય છે. જિલ્લામાં ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે મતદારોમાં ચૂંટણીને લઈને હજી સુધી કોઈ જ ઉત્સાહ કે ઉમંગ જણાતો નથી.

## ઈડરના બુટલેગરને પાસા હેઠળ ધકેલાયા

ઈડર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રોહીબીશન હેઠળના ગુનામાં સંડોવાયેલ એક શખ્સની જિલ્લા ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી તેને પાસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ હિંમતનગર જિલ્લા પોલીસ વડાની સુચનાથી જિલ્લા ક્રાઈમબ્રાંચ પી.આઈ. ડી.પી. ચુડાસમાએ આજે બપોરના સુમારે લાલજી ઉર્ફે ધર્મેન્દ્ર રાયમલજી ઠાકોર રહે. ઈડર લાલોડા રોડ નજીકની પાસા હેઠળ અટકાયત કરવાનો હૂકમ ગતરોજ જિલ્લા મેજીસ્ટ્રેટ સાંબરકાંઠાનાઓએ કરતા ધરપકડ કરી હતી. અને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી અપાયો હતો.

## એક વર્ષ માટે બલવંતપુરાની મહિલા બુટલેગર તડીપાર કરાઈ

હિંમતનગર, તા. ૪

હિંમતનગર શહેર નજીક આવેલ બલવંતપુરામાં દેશી દારૂ વહેંચતી મહિલા બુટલેગરનો આજરોજ હિંમતનગર પ્રાંત અધિકારીએ તડીપાર કરવાનો હૂકમ કરતાં પોલીસે મહિલા બુટલેગરને પકડી ચાર જિલ્લામાંથી બહાર તડીપાર કરી દીધી છે.

હિંમતનગર શહેરના બલવંતપુરા રેલવે ફાટક પાસે આવેલ ઈન્દ્રનગર સોસાયટીમાં રહેતી મહિલા સુર્યાબેન કીરણસિંહ ઝાલા દેશી દારૂનો ધંધો કરતી હોવાનું ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. જે સંદર્ભે આજરોજ મહિલા સુર્યાબેનને સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ, મળી કુલ ચાર જિલ્લામાંથી તડીપાર કરવાનો હૂકમ પ્રાંત અધિકારી રીકેશ પટેલે કર્યો હતો. મહિલા બુટલેગરને મહિલા પોલીસ કર્મી સાથે ખેડા જિલ્લામાં સંબંધીને ત્યાં ખસેડવામાં આવી છે. તેમ પી.આઈ. જે. એમ. આલ.એ જણાવ્યું છે.

## શાકભાજીના ભાવો તળીયે બેસી જતા પ્રાંતિજના શાકભાજી પકવતા ખેડૂતો ચિંતાતુર

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારના કિસાનોના શાકભાજીના અચાનક તળીયે બેસી જતા કિસાનોને નુકશાનની સાથે આર્થિક સંકડામણ ઉભી થવા પામી છે. આથી શાકભાજીની ખેતી કરતા આ વિસ્તારના તમામ ખેડૂતો ભારે ચિંતાતૂર બન્યા છે.

પ્રાંતિજ તાલુકાના પ્રાંતિજ, અમીનપુર, પોગલુ, ખીલુદા, ઘડકણ, મજરા, તાજપુર,લીમલા, વડવાસા સહિતના અનેક વિસ્તારોમાં મોટાપાયે વેલાવાળા શાકભાજી, કોબીજ, ફ્લાર, રીંગણ સહિતનું વાવેતર કરવામાં આવે છે અને આ તમામ શાકભાજી અમદાવાદ, મુંબઈ, સુરત જેવા મોટા માર્કેટોમાં ઉંચા ભાવે વેચાતા કિસાનોને ભયો-ભયો હતો. પરંતુ ત્રણેક માસથી ફ્લાવરનો ભાવ ૨૦ કિલોનો રૂ. ૭૦ થી ૧૦૦, કોબીજનો ભાવ ૨૦ કિલોનો રૂ. ૬૫ થી ૭૦ તેમજ ટામેટાનો ભાવ ૨૦ કિલોનો રૂ. ૩૦ થી ૪૦ તથા તુવેર, મેથી, રીંગણ, ભીંડા, ગાજર, લીલી ડુંગળી, મોગરી, મૂળાના ભાવો પણ ૨૦ કિલોએ ૧૦ થી ૧૫ થી જતા કિસાનોને ભારે ફટકો પડ્યો છે. આથી શાકભાજીની ખેતી કરતા તમામ ખેડૂતો આ ઘટનાથી ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને તેમની પોતાની શાકભાજી રોડ પર વેચવાનો વારો આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ રાજયના મોટા બજારોમાં અન્ય રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં શાકભાજીની આયાત કરવામાં આવતી હોવાથી પ્રાંતિજ સહિતના વિસ્તારના ખેડૂતોને આનું નુકશાન વેઠવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## પ્રાંતિજમાં મતદાન ઝુંબેશ યોજાઈ

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આજે પ્રાંતિજના વિવિધ વિસ્તારમાં મતદાર જાગૃતિ અને ફરજિયાત મતદાન કરોની ઝુંબેશ અંતર્ગત જાહેર માર્ગો, સોસાયટીઓ તેમજ બજાર વિસ્તારમાં ચૂંટણી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશમાં ચીફ ઓફિસર સંદિપ પટેલ, અમૃતલાલ પટેલ સહિત કર્મચારીઓ એકઠા થઈ સમગ્ર વિસ્તારમાં ફરી મતદારોને સુંદર માહિતી આપી હતી.

## ખેડબ્રહ્મામાં રામકથાનો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્માના પક્ષેન્દ્રનાથ મહાદેવ મંદિર પાસે શ્રી મારૂતી જનસેવા પરિવાર ટ્રસ્ટ તથા ભાવિક ભક્તો દ્વારા તા.૪થી ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામકથાના વક્તા તરીકે પ.પૂ. છોટે મોરારી બાપુ પોતાની આગવી સંગીતમય શૈલીમાં કથા રસપાન કરાવશે. આ કથાના મુખ્ય યજમાન તરીકે કનુભાઈ ડાહ્યાભાઈ પટેલ, સુરેશભાઈ શામળભાઈ પટેલ, કેચિ ધનાલ, ધર્મલાભ લેશે. રામકથાની પોથીયાત્રા, શામળભાઈ સવજીભાઈ પટેલના નિવાસ સ્થાનેથી નીકળી હતી. જે શહેરના મુખ્ય માર્ગો પર ફરી કથા મંડપમાં આવી હતી. જયાં પ.પૂ. છોટે મોરારી બાપુએ મંગલાચરણ કરી કથાનો શુભારંભ કર્યો હતો.

## ધાનેરા વિધાનસભા બેઠકના ઉમેદવાર વસંતભાઈએ પ્રચાર શરૂ કર્યો

દાંતીવાડા, તા. ૪

ધાનેરા વિધાનસભા ભાજપ સીટના ઉમેદવાર વસંતભાઈ પુરોહિત આજે ચૂંટણી પ્રચારના ભાગરૂપે દાંતીવાડા તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લઈ ડોર-ટુ ડોર પ્રચાર શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધાનેરા વિધાનસભા ભાજપ સીટના ઉમેદવાર એવા વસંતભાઈ પુરોહિત પોતાના પ્રચાર પ્રસાર માટે વિધાનસભા મતક્ષેત્રના સમાવિષ્ટ વિવિધ ગામોની મુલાકાત લઈ રહ્યા છે અને મતદારોને મળી રહ્યા છે. ત્યાં મતદારો પણ તેમને ફુલહાર કરી તેમનું સ્વાગત કરી રહ્યા છે. આ ચૂંટણી પ્રચારમાં તેમની સાથે કરશનભાઈ પાત્રોડ, જયેન્દ્રભાઈ જોષી, બાબુભાઈ મોદી, ઈશ્વરભાઈ ભૂતડિયા, ગણપતભાઈ પિરોહિત સહિત અનેક આગેવાનો છે.

## સમાચાર ઝલક

- આઇ.આઇ.ટી. મુંબઇના વિદ્યાર્થીને વાર્ષિક ૮૦ લાખથી નોકરીની ઓફર.
- બોલીવુડ સુંદરીઓ ૩૦ મિનિટ કામ કરવાના ત્રણ કરોડ રૂપિયા મેળવે છે.
- ગુજરાત રાજ્યમાં ચૂંટણી નજીક આવતાં ટોપી, ખેસ, બેનર, ઝંડાના ભાવમાં વધારો.
- પંજાબમાં કબડ્ડી વિશ્વકપનો પ્રારંભ, વિજેતાને ૨ કરોડનું ઇનામ.
- ૪૦૦ પ્રકારના કેન્સર, મોંનાં કેન્સર સૌથી વધુ વિશ્વમાં ૧ કરોડથી વધુ વર્ષમાં મૃત્યુ પામે છે.
- એક પોલીસે ૧૪ વર્ષથી રજા લીધી નથી, કયારેય બીમાર પડ્યા નથી.
- ૪૮ લાખ કરોડનું થોરિયમ કૌભાંડ બહાર પડ્યું.
- દેશભરમાં ૧.૪૧ કરોડ અને ગુજરાતમાં ૨૫ લાખ વિકલાંગો છે.
- ૨૦૧૪ સુધી ગુજકેટ ચાલુ રાખવા સુપ્રિમ કોર્ટે ગુજરાતને આપેલી મંજૂરી.
- અમદાવાદમાં મકાન માલિક વિદેશ ગયા અને ચોકીદાર મકાનમાં દારૂનો ધંધો શરૂ કર્યો.
- કાગળો બાઇક ચાલક રજૂ ન કરી શકતા, અમદાવાદમાં ૧૭ લાખ બાઇક ડીટેઇન કરાયું,
- રાજેશખન્ના પરિવાર સામે કેસ ઉપર હાઇકોર્ટમાં સ્ટે.



વાવ વિધાનસભાના ભાભર ખાતેના કાર્યાલયનું ઉદ્‌ઘાટન રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલાના હસ્તે શુભારંભ થયો હતો. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી દિલીપભાઈ પંડ્યા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ, શ્રીમતિ નૌકાબેન પ્રજાપતિ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શ્રી ડૉ. નરેશભાઈ અખાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી લીલાધરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે સંપૂર્ણ નિવડેલા અને વહીવટી સક્ષમ ઉમેદવાર આ વિસ્તારને મળ્યા થે. જે આ વિસ્તાર માટે ગૌરવ સમાન છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા અહીંથી શંકરભાઈના રૂપમાં એક કમળ ચૂંટીને મોકલવા સૌને અનુરોધ કર્યો હતો.